**College Event** | IITGnનો આઠમા કોન્વોકેશનમાં ૩૯૪ સ્ટુડન્ટ્સે ડિગ્રી મેળવી

# સક્સેસ માટે જ્ઞાન, કર્મ અને ભક્તિનો સમન્વય જરૂરી છે : ડૉ. સ્વાતી પિરામલ



ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ગાંધીનગરનો આઠમો કોન્વોકેશન યોજવામાં આવ્યો. જેમાં ચીફ ગેસ્ટ તરીકે ઇન્ડિયાના જાણીતા વૈજ્ઞાનિકોમાંના એક અને એક જાણીતા ઇન્ડસ્ટ્રિયાલિસ્ટ તેમજ પિરામલ ગ્રૂપનાં વાઈસ ચેરપર્સન ડૉ. સ્વાતી પિરામલ ઉપસ્થિત રહ્યાં હતા. જેઓ સ્ટુડન્ટ્સને કોન્વોકેશનલ સ્પીચ આપી હતી તેમજ ગોલ્ડ મેડાલિસ્ટ સ્ટુડન્ટ્સને ડિગ્રી પણ એનાયત કરી હતી. સવારે ૧૧ કલાકે શરૂ થયેલ IITGnનાં આઠમા કોન્વોકેશનમાં ૩૯૪ વિવિધ સ્ટ્રીમનાં સ્ટુડન્ટ્સે ડિગ્રી પ્રાપ્ત કરી હતી. જેમાં ૧૪૫ B.Tech, ૨ B-Tech-M.Tech ડ્યૂઅલ ડિગ્રી સ્ટુડન્ટ્સ, ૧ B-Tech-M.Tech ડ્યૂઅલ ડિગ્રી સ્ટુડન્ટ,૧૦૫ M.Tech સ્ટુડન્ટ્સ, ૮૬ M.Sc સ્ટુડન્ટ્સ, ૨૧ MA સ્ટુડન્ટ્સ, ૨૭PhD સ્ટુડન્ટ્સ અને ૭ PGDIIT સ્ટુડન્ટ્સે ડિગ્રી મેળવી હતી. આ સ્ટુડન્ટ્સમાં ૫૩ સ્ટુડન્ટ્સને ઍવૉર્ડ અને મેડલ્સથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં એકેડેમિક્સ, આઉટસ્ટેન્ડિંગ રિસર્ચ, ઓવરઓલ પર્ફોર્મન્સ, ઈનોવેશન, લીડરશિપ, સોશિયલ સર્વિસ, સ્પોર્ટ્સ જેવી કેટેગરીઝમાં સ્ટુડન્ટ્સને ૨૫ ગોલ્ડ મેડલ, ૧૩ સિલ્વર મેડલ અને ૧૫ મેડાલિસ્ટ ફોર એક્સલન્સનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

IIT-Gnનાં આઠમાં કોન્વોકેશનમાં ચીફ ગેસ્ટ તરીકે ઇન્ડિયાના જાણીતા વૈજ્ઞાનિક અને ઇન્ડસ્ટ્રિયાલિસ્ટ પિરામલ ગ્રૂપનાં ચેરપર્સન ડૉ. સ્વાતી પિરામલ હાજર રહ્યાં હતા

IITGnનાં આ આઠમા કોન્વોકેશનનાં ચીફ ગેસ્ટ ડૉ. સ્વાતી પિરામલે પોતાનાં મેડિસિન, બેઝનેસ મેનેજમેન્ટ એન્ડ કલ્ચર વર્લ્ડની જર્ની શેર કરતા સંબોધનની શરૂઆતમાં જણાવ્યું કે, 'જીવનમાં સક્સેસ હાંસલ કરવા માટે ૩,૦૦૦ વર્ષ પહેલા વેદમાં જ્ઞાન, કર્મ અને ભક્તિ એમ ત્રણ બાબતો દર્શાવવામાં આવી હતી. પૌરાણિક ગાથા ભગવત ગીતામાં અર્જુને પોતાના ભાઈઓ સામે આ ત્રણ બાબતોને આધારે યુદ્ધમાં જીત હાંસલ કરી હતી જેની શીખ ભગવાન કૃષ્ણને અર્જુનને આપી હતી. હાલનાં સમયમાં એક ચેલેન્જ છે કે એક વ્યક્તિ અથવા વ્યક્તિઓનો સમૂહ કેવી રીતે વિશ્વમાં બદલાવ લાવી શકશે. ઘણાં લોકો વિચારે છે કોઈ એક વ્યક્તિ નહીં પણ ગવર્નમેન્ટ સમાજમાં બદલાવ લાવી શકે. પણ આપણે બધા જાણીએ છીએ કે આપણી અંદર તે સમાજમાં બદલાવ લાવવાની ક્ષમતા છે. આપણામાં રહેલુ જ્ઞાન બદલાવ લાવી શકે છે. ઘણી વખત આપણે જે સપનાઓ જોઈએ છીએ તે રિયલ લાઇફમાં અશક્ય હોઈ શકે પણ તે અશક્ય સપનાઓને આપણા પ્રયત્નોથી શક્ય બનાવી શકાય છે. જેનું ઉત્તમ ઉદાહરણ આપણા રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધીજી છે જેમણે ભારતને આઝાદી અપાવવાનું અશક્ય સ્વપ્ન જોયું હતું પણ તેમનાં નાના નાના પ્રયત્નોએ એક મોટો બદલાવ લાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. માટે તમે જે પણ કરો તેના માટે હિંમત અને સાહસ ખૂબ જરૂરી છે. એકવીસમી સદીમાં પબ્લિક પોલિસી, સાયન્સ અને ઇનોવેશન લોકોનાં જીવનમાં એક મોટો બદલાવ લાવી રહ્યું છે. તેમ છતાં આપણા દેશ સામે ગરીબી, સ્વાસ્થ્ય અને સાયન્સ અને ઇનોવેશનને કેવી રીતે યૂઝ કરી શકાય તેની અડચણો ઊભી જ છે. ઈન્ડિયને હવે સ્કિલ્ડ ટેક્નિકલ વર્કફોર્સની જરૂર છે જેથી આપણી વૈજ્ઞાનિક ક્ષમતાઓ ઓછી વેડફાશે.' આ ઉપરાંત તેમણે રવિન્દ્રનાથ ટાગોરનું ઉદાહરણ આપતા જણાવ્યું કે, 'બંગાળની એક જોઈન્ટ ફેમિલીમાં જન્મેલા રવિન્દ્રનાથ ટાગોર કહે છે કે, તેમણે એક એવા વાતાવરણમાં જન્મ લીધો છે કે જ્યાં મારી આકાંક્ષાઓને વિસ્તારવાનો બહોળો માર્ગ મળ્યો હતો. મારી કલ્પનાઓની સ્વતંત્રતા પણ મને મારી આસપાસનાં લોકો પાસેથી જ મળી છે.'

**Title:** Integration of knowledge, action and care is necessary for success: Dr Swati Piramal
394 students get degrees in IITGN's 8th Convocation

**Source:** Sandesh (City Life; Pg. no. 1)

**Link:** http://sandeshepaper.in/edition/59897/ahmedabad/page/15

**Date:** 28-07-2019